અપીલ અરજી નં.૩૭૦ તા.૪–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અરૂણ શેષરામ પાઠક
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ શેષરામ પાઠકની તા. ૨૦–૯–૧૧ની અરજીથી ઉધનાઝોન ખાતે આવેલ ભગવતી નગર પ્લોટ નં.૭૩–૭૪ તથા મહાવીર સોસા.પ્લોટ નં.એ–૧૩ અને ૧૪ના બાંધકામ બાબતે માગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૪–૧૧–૧૧ ની **SMC/FAP/**નં.૩૭૦/૨૦૧૧–૧૨

શ્રી અરૂણ શેષરામ પાઠકની તા. ૨૦–૯–૧૧ની અરજીથી ઉધનાઝોન ખાતે આવેલ ભગવતી નગર પ્લોટ નં.૭૩–૭૪ તથા મહાવીર સોસા.પ્લોટ નં.એ–૧૩, ૧૪ના બાંધકામ બાબતે માગવામાં આવેલ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૪–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા** તથા માંગેલ માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૬૧ તા.૧૪–૧૧–૧૧થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પુરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા. ૧૯–૧૧–૧૧નો પુરક પત્ર મળેલ છે.

અરજદારને તા. ૨૦–૯–૧૧ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ મુદ્દા નં.૧થી ૨ની માહિતી માગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ જે બાબતે અરજદારે તેમની અરજી બાબતે કોઈ જવાબ ન મળવાથી તા. ૪–૧૧–૧૧ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદા નં.(૧) ઉધનાઝોન ખાતે આવેલ તેરાપંથ ભવનની સામે આવેલ ભગવતીનયરમાં પ્લોટ નં.૭૩,૭૪વાળી મિલકતમાં બાંધકામની પરવાનગી આપેલ મંજુર રજાચિઠ્ઠીની નકલ તથા તેના પ્લાન પાસની એટેસ્ટેટ નકલો આપવા તથા ઉપરોકત બાંધકામવાળી મિલકતનો હાલ કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ થયેલ છે. તેની તપાસ કરાવી સંપૂર્ણ વિગતવાર માહિતી આપશો.(૨) ઉધનાઝોન ખાતે આવેલ તેરાપંથ ભવનની બાજુમાં આવેલ મહાવીર સોસા.પ્લોટ નં. એ/૧૩,૧૪ને જો સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુરી આપવામાં આવેલ હોય તો તેની એટેસ્ટેટ નકલ સાથે પ્લાન પાસની નકલ તથા બાંધકામની મંજુરી અપાયેલ ક્ષેત્રફળમાંથી હાલ તેનું કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ થયેલ છે તેની તપાસ કરાવી વિગતવાર માહિતી આપશો. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પુરી પડાયેલ જણાતી નથી. તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧ એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણ શેષરામ પાઠક,